## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, સ્ટુડન્ટને ચપટી વગાડતા લાવી દઈશું... પણ આવીને નોકરી માંગશે... વિચારી લો...!!!





વિધાનસભાનું બજેટ સત્ર તોફાની બનતું જાય છે. સત્રના બીજા દિવસે ગૃહ બહાર જ વિપક્ષ નેતા સુખરામ રાઠવાની આગેવાનીમાં કોંગ્રેસે તાપી-પાર-નર્મદા લિંક પ્રોજેક્ટ રદ કરવાની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું જેમાં અગ્રણી કોંગ્રેસી નેતાઓ જોડાયાં હતા.




શિવરાત્રી નિમિત્તે વિનામૂલ્યે લીંબુ-શરબત ગાંધીનગર શહેરના ઘ-૨ સર્કલ પાસે સોડાની લારી ચલાવતા મહેન્દ્રકાકા સોડાવાળાએ શિવરાત્રીના દિવસે ભક્તોને કુડાસણ અને ઘ-૨ સર્કલે પાંચ હજાર લીંબુ શરબતનું વિતરણ કર્યુ હતુ.

# ડિફેન્સ એકસ્પો-૨૦૨૨માં 'એજ' ગ્રૂપ આધુનિક ઉત્પાદનો પ્રદર્શિત કરશે

## 'એજ' ગૃપ કારાકાલ, અલ-તારિક અને હેલ્કોન દ્વારા બનાવવામાં આવેલાં ૩૦ જેટલાં જમીનથી, દરિયાઈ અને હોમલેન્ડ સિક્યોરિટી સિસ્ટમ્સને લગતા ઉત્પાદનો પ્રસ્તુત કરશે










ગાંધીનગર, તા. ૦૩

ગાંધીનગરમાં આગામી દિવસોમાં એશિયાનો સૌથી મોટો ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ યોજાવા જઈ રહ્યો છે. તા.૧૦થી ૧૪ માર્ચ દરમ્યાન યોજાનારા ૧૨મા ડિફેન્સ એક્સપોમાં સંરક્ષણ ક્ષેત્રનાં સાધનો બનાવતી વિશ્વની અગ્રણી કંપની 'એજ' ગૃપ કારાકાલ, અલ-તારિક અને હેલ્કોન દ્વારા બનાવવામાં આવેલાં આધુનિક ઉત્પાદનો સાથે ભારતના બજારો પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાને વધારે મજબૂત કરશે. કંપની પોતાનાં ૩૦ જેટલાં આધુનિક ઉત્પાદનો રજૂ કરવામાં આવશે જેમાં જમીનથી, દરિયાઈ અને હોમલેન્ડ સિક્યોરિટી સિસ્ટમ્સને રજૂ કરવામાં આવશે. આ ઉત્પાદનોમાં નાનાં હથિયારોથી માંડીને પ્રિસિશન ગાઈડેડ મ્યુનિશન્સ અને પ્રિસિશન ગાઈડેડ સિસ્ટમ્સનો સમાવેશ થાય છે.

'એજ' ગૃપ આ પ્રદર્શનમાં જે ઉત્પાદનો રજૂ કરશે તેમાં કારકાલના કાર ૮૧૬, કાર ૮૧૭, સીએસઆર ૩૦૮, સીએસઆર ૩૩૮ અને સીએસઆર ૫૦ આધુનિક રાયફલો તથા સીએમપી ૯ એસએમજીનો સમાવેશ થાય છે. જ્યારે અલ તારિક પ્રિસિશવ ગાઈડેડ મ્યુનિશન્સ અને હેલ્કોન થન્ડર અને ડેઝર્ટ સ્ટિન્ગ પ્રિસિશન ગાઈડેડ મ્યુનિશન્સ રજૂ કરશે.

મુલાકાતીઓ 'એજ' કંપનીની મુલાકાત લેવા માગતા હોય તેમણે ડિફેન્સ એક્સપોમાં હોલ નં. ૯ ખાતે સ્ટેન્ડ ૯આર ૧૧ / ૯આર ૧૨ ખાતે મુલાકાત લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. 'એજ' ગૃપના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના એક્ઝિક્યુટિવ ચેરમેન ફૈઝલ અલ બેન્નાઈએ જણાવ્યું હતું કે "ડિફેન્સ એકસ્પોમાં અમે પહેલીવાર ભાગ લઈ રહ્યાં છીએ તેનો અમને ગર્વ છે. ભારત, યુએઈ અને એજ માટે અગત્યનું બજાર છે. બંને દેશો ઈચ્છે છે કે બંને દેશોની સલામતી ચુસ્ત રહે આ લક્ષ્યાંક હાંસલ કરવા માટે અમે ભારતમાં જ આધુનિક હથિયારો અને તેને સંલગ્ન ટેકનોલોજી વિકસાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

## ખૂણેખાંચરેથી

- આજે રાજ્ય વિધાનસભા ગૃહ ખાતે ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ ગૃહની કાર્યવાહી જોવા આવ્યા હતા.
- આજે બજેટ પ્રવચન કરતા જોવા માટે નાણાંમંત્રી કનુભાઈનો પરિવાર ગૃહમાં આવ્યા હતા. પૂર્વ નાણાંમંત્રી બાબુભાઈ શાહની દિકરી જાગૃત્તિ શાહ પણ ગૃહ જોવા આવ્યા હતા.
- ઉત્તર ગુજરાત વીજ કંપનીના મેને. ડિરેક્ટર કે.એસ. રંધાવાને ફરજ મોકુફી હેઠળ મુકવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.
- ભરૂચ સાંસદની ગેરવર્તણૂંકને લઈ આજે રાજયના મહેસુલી કર્મચારીઓ માસ સી.એલ. પર જનાર છે.
- અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગાંધીનગરનો અભ્યાસ વર્ગ ૧૩મી માર્ચ ૨૦૨૨ના રોજ યોજાશે.
- નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ આજે બજેટ પ્રવચન વાંચવાનો આરંભ કર્યો ત્યારે તેમની કચેરીમાં પેંડા વહેંચાયા હતા અને સૌને મોં મીઠું કરાવાયુ હતુ.
- ગાંધીનગર શહેરમાં તેલના ભાવમાં થયેલા વધારાથી મધ્યમવર્ગનું બજેટ ખોરવાઈ જવા પામ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો હોવાથી બપોરના સમયે શહેરની ચહલ-પહલ ધીમી પડી હતી.
- ગાંધીનગર ટ્રાફિક પોલીસે આજે 'ચ' રોડ પર સાત કાર ચાલકોને ઓવર સ્પીડ મામલે દંડ ફટકાર્યો છે.

# એસ ટી ડેપોમાં વાહન પાર્કીંગની જવાબદારી માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે

## અગાઉ પાર્કીંગની જવાબદારી સંભાળતી એજન્સીએ રીન્યુઅલ માટે નિરસતા દાખવતા હાલ ફ્રી પાર્કીંગ ની વ્યવસ્થા

ગાંધીનગર તા ૩

ગાંધીનગર એસટી ડેપોમાં મુસાફરોને અનુલક્ષી આમ તો કોઈ વિશેષ સુવિધા નથી પરંતુ હાલ ડેપો સંકુલમાં કાર્યરત પે પાર્કીંગની સુવિધા પણ ખોરવાઈ ગઈ છે. પાર્કીંગનુ ભાડુ પણ તગડુ હોવાથી હાલની વ્યવસ્થા યથાવત રાખવા માટે સંબાંધિત એજન્સીએ રીન્યુઅલ માટે દરખાસ્ત કરી નથી જેથી હાલ ડેપોમાં ફ્રી પાર્કીંગની સુવિધા ઉપલબ્ધ છે. જો કે આ મામલે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવતા ટુંકમાં જ પે પાર્કીંગ પણ કાર્યરત થઈ જશે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં આમ પણ મુસાફરોની સલામતી અને સુવિધાના નામે મીંડુ ચિતરાયેલુ છે જેના લીધે ડેપો સંકુલમાં આવતા મુસાફરો રોજબરોજ ખિસ્સા કાતરુઓનો ભોગ બને છે. જયારે આ સ્થિતિ વચ્ચે ડેપોમાં મુસાફરોની સલામતી અને સુવિધાના પરિબળોને યોગ્ય કરવા માટે પણ અનેકવાર રજુઆતો થાય છે પરંતુ કોઈ પગલા લેવાતા નથી બીજીતરફ એસ ટી ડેપોમાં છેલ્લા ઘણાં સમયથી પાર્કીંગનો પ્રશ્ન પણ પેચીદો બનતો જાય છે. પે પાર્કીંગનો કોન્ટ્રાકટ પુર્ણ થતા સંબંધતિ એજન્સીને આ તગડો ભાવ પોષાય તેમ ન હોવાથી પાર્કીંગની જવાબદારી માટે રીન્યુઅલ કરાવાનુ માંડી વાળ્યુ છે. જેથી હાલ પુરતુ ડેપોમાં મુસાફરોને ફ્રી પાર્કીંગની સુવિધા મળે છે. જો કે એસ ટી ડેપોના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ટુંકમાં જ પાર્કીંગ વ્યવસ્થા યોગ્ય કરવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. હાલ ડેપોમાં પાર્કીંગની સુવિધા માટે પ્રતિમાસ અંદાજિત રૂ ૧.૫૦ લાખનુ ભાડુ વસુલવામાં આવે છે. ડેપોમાં પાર્કીંગની સુવિધા માટે જગ્યા ફાળવવામાં આવી છે. જેના લીધે રોજબરોજ અપડાઉન કર્તા મુસાફરો તેમના વાહન પે પાર્કીંગમાં સલામત રીતે મુકી સલામત સવારીનો સરળતાથી લાભ લઈ શકે છે. જેમાં રોજબરોજ અમદાવાદ નોકરી કરવા જતા તેમજ અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. જયારે એક વર્ષની મુદત માટે ભાડા પેટે અપાતા પાર્કીંગ પ્લેસને અનુલક્ષી સમય મર્યાદા પુર્ણ થતા પાર્કીંગની જવાબદારી સંભાળતી એજન્સીએ આ મામલે રીન્યુઅલ કરાવવા નિરસતા દાખવી છે. જેના લીધે હવે એસ ટી તંત્રએ પાર્કીંગની જવાબદારી અન્ય એજન્સીને સોંપવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવાનો નિર્ણય લીધો હતો ટુંકમાં જ નવી એજન્સીને પાર્કીંગની જગ્યા ફાળવી દેવાતા ડેપોમાં મુલાકાતીઓને અગાઉની જેમ પે પાર્કીંગની સુવિધા મળી રહેશે.

## માણસા કેશરેશ્વર મહાદેવ ખાતે અરિહંત આર્ટ કોમ્યુનિકેશન દ્વારા ભવાઈનો કાર્યક્રમ યોજાયો




માણસા તાલુકાના શ્રી કેશરેશ્વર મહાદેવ ખાતે મહાશિવરાત્રીના રોજ રમતગમત યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગર દ્વારા અરિહંત આર્ટ કોમ્યુનિકેશનના કલાવૃંદ દ્વારા સુંદર મજાની ભવાઈના કાર્યક્રમ દ્વારા લોકોને સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજના વિશે સમજણ પુરી પાડવાના હેતુસર તેમજ ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિ અંતર્ગત તેમના જીવનકવન કથા ઉપર ભવાઈનો સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મહેમાન તરીકે જિલ્લા ભાજપના પ્રમુખ અનિલભાઈ પટેલ, આનંદીબાના વડલાના મે. ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસ, અંબાલાલભાઈ, શ્રી કેશરેશ્વર મહાદેવ મંદિરના ટ્રસ્ટી નગરપાલિકાના સભ્ય, તેમજ કલાવૃંદ કલાકારો પૂજા લખવારા, મુકેશ જાની, ભારતી બારોટ, મહર્ષિ જાની, દીપા બારોટ, રત્ના એમ. જાની તથા ગ્રામજનો હાજર રહી કાર્યક્રમને રસપૂર્વક માણ્યો હતો.

## શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા મહાશિવરાત્રીએ સમુહમાં શિવપૂજા

ગાંધીનગર, તા. ૩

મહા શિવરાત્રી પર્વનું શિવ સંપ્રદાયમાં અનેરૂ મહત્વ હોય છે. ભગવાન શિવની આરાધના અને ભક્તિનું પર્વ મહાશિવરાત્રીની શ્રીમાળી બ્રાહ્મણ સમાજના આચાર્ય બાલકૃષ્ણભાઈ જોષી દ્વારા મહાશિવરાત્રીના પવિત્ર



દિવસે સે. ૨૫ સંતોષીમાતાના મંદિરે સમાજના શ્રીમાળી બ્રાહ્મણોએ સમુહમાં મહાશિવરાત્રી પર્વની હર્ષોલ્લાસ અને ભક્તિસભર માહોલમાં ભવ્ય ઉજવણી કરી હતી. શિવલીંગ પર વિશેષ અભિષેક સાથે પૂજા અર્ચના કરી સમાજના શ્રીમાળી બ્રાહ્મણોએ ધન્યતા અનુભવી હતી. તેમજ સર્વે જ્ઞાતિજનોએ ખૂબજ મોટી સંખ્યામાં પરિવાર સાથે ફરાળી ભોજનનો આનંદ માણ્યો હતો. સમગ્ર શિવપૂજાનું આયોજન કારોબારી સભ્યોના સાથ સહકારથી પ્રમુખ કિશોરભાઈ ત્રિવેદી, ખજાનચી પરેશભાઈ ત્રિવેદી અને મંત્રી શ્રીમતિ વિમળાબેન અયાસી મારફતે કરવામાં આવેલ જેમાં સમાજનો ખૂબજ સાથ સહકાર સાંપડ્યો હતો.

# રાસેયો દ્વારા પ્રાકૃતિક ખેતી દ્વારા બટાકાનું વિપુલ માત્રામાં ઉત્પાદન



ગાંધીનગર, તા. ૩

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકોને દ્વારા રાજ્યપાલશ્રીનાં આહવાન પર અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ અંતર્ગત પ્રાકૃતિક ખેતીનું સરસ ઉદાહરણ આપવામાં આવ્યું છે. સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આ સરસ પ્રવૃત્તિ અને આત્મા નિર્ભર ભારત માટે એક સરસ દાખલો આપે તેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી છે. એમ તો પાછલા લગભગ ૧૦ વર્ષોથી આ યુનિટ જૈવિક ખેતી દ્વારા બટાકાનાં ઉત્પાદન કરે છે અને આ ઉત્પાદનમાંથી આવેલા નાણાંને ગરીબ વિદ્યાર્થી કલ્યાણ નિધિમાં એકત્રિત કરે છે અને આ ફંડમાંથી ગરીબ વિદ્યાર્થીયોની સહાય કરે છે આ વર્ષે રાકેશ ચૌહાણ અને રણવીર રહેવર દ્વારા આ પ્રોજેક્ટ ડૉ. દલસંગભાઈ ચૌધરીનાં માર્ગદર્શનમાં પૂર્ણ કરવામાં આવ્યાં છે આ વર્ષે લગભગ ૧૭૦૦ કિલો બટાકાનું રિકોર્ડ ઉત્પાદન કરવામાં આવ્યું છે. આ પ્રેરણાદાયી પ્રવૃત્તિ કરવા માટે સંસ્થાના ડીન પ્રો. જગદીશચંદ્ર સાવલિયા રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડૉ. અરુણભાઈ ગાંધી અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ નીરજ સિલાવટએ માર્ગદર્શન આપ્યું હતું.

# કોરોનાના કેસમાં ઉછાળો : ગ્રામ્યમાં પાંચ કેસ તો શહેરમાં ૩ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાના કેસોમાં આજે આંશિક ઉછાળો આવ્યો છે. શહેરમાં આજે સતત ત્રીજા દિવસે કોરોનાના ૩ કેસ નોંધાયા છે જ્યારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બે દિવસ બાદ આજે નવા પાંચ કેસ મળી આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે મળી આવેલા પાંચ કેસને પગલે તંત્ર પણ ચોંક્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરાયો છે. આજે નોંધાયેલા પાંચ કેસમાં ૪ કેસ ગાંધીનગર તાલુકામાં અને એક કેસ માણસામાં નોંધાયો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસમાં ૩ મહિલા દર્દી છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકાના ગિયોડ, જાખોરામાં એક-એક કેસ તેમજ અડાલજમાં બે કેસ મળી આવ્યા છે. માણસા તાલુકાના રણછોડપુરા ગામે ૧૧ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે નોંધાયેલા પાંચ કેસ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૧૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગાંધીનગર શહેરમાં આજે સતત ત્રીજે દિવસે કોરોનાના નવા ૩ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલ કેસમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨, કુડાસણ અને સરગાસણણાંથી એક-એક કેસ મળી આવેલ છે. આજે મળેલ કેસમાં ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલ કેસ સહિત ૩૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા સૂચનાઓ આપી છે.

## આઈઆઈટી ગાંધીનગરની ન્યુક્લિયર મેગ્નેટિક રેઝોનન્સ અંગે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી દ્વારા રસાયણશાસ્ત્ર વિભાગની નેશનલ મેગ્નેટિક રેઝોનન્સ સોસાયટી એનએમઆરએસ-૨૦૨૨ની ૨૭મી મીટિંગની સાથે 'ન્યુક્લિયર મેગ્નેટિક રેઝોનન્સ : કેમિસ્ટ્રી, બાયોલોજી અને ડ્રગ ડિસ્કવરી' વિષય પર એક આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા.૬થી ૯ માર્ચ દરમ્યાન યોજાનારી એનએમઆર સ્પેક્ટ્રોસ્કોપી વિજ્ઞાનની વિવિધ શાખાઓ માટે જીવનરેખા છે અને એમઆરઆઈ એ એનએમઆર સ્પેક્ટ્રોસ્કોપીની શાખા છે અને આરોગ્યસંભાળમાં એક અનિવાર્ય નિદાન સાધન છે.

એનએમઆરએસની વાર્ષિક બેઠકોએ આંતરરાષ્ટ્રીય પાત્ર મેળવ્યું છે અને તે તેમની ઊંડાઈ, પહોળાઈ, બૌદ્ધિક કઠોરતા અને ઉચ્ચ-સ્તરની સંશોધન ચર્ચાઓ માટે જાણીતી છે. વર્ચ્યુઅલ મીટિંગ અને આંતરરાષ્ટ્રીય પરિષદ વિશ્વના વિવિધ ભાગોમાંથી વિશ્વ-વિખ્યાત વૈજ્ઞાનિકોને તેમના તાજેતરના તારણોની ચર્ચા કરવા અને બાયોમોલેક્યુલર એનએમઆર એક સાથે મળીને સોલિડ-સ્ટેટ એનએમઆર, સ્ટ્રક્ચરલ બાયોલોજી, એમઆરઆઈ અને સિન્થેટિક ઓર્ગેનિક રસાયણશાસ્ત્રના સંશોધન ક્ષેત્રોમાં પ્રવચનોનું આયોજન કરશે.

# કુડાસણ ભગવતી જ્વેલર્સમાંથી પોલીસ તરીકેની ઓળખ આપી ગઠીયો ૨ લાખના દાગીના લઈ ગયો

## બાર વાગ્યાના અરસામાં સિલ્વર કલરની ગાડીમાં એક ભાઈ આવ્યા : જેઓએ સાદા કપડા અને ચશ્મા પહેર્યા હતા અને પોલીસ અધિકારી તરીકે નોકરી કરતા અને પોતાનું નામ જયપાલસિંહ તેમજ મહેસાણાનો હોવાનું કહ્યું

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર કુડાસણ ભગવતી જ્વેલર્સની દુકાને જઈ પોલીસ અધિકારીની ઓળખ આપી ગઠીયો સોનાની બે ચેઈન અને ચાર વીટીં ખરીદી કરી રૂ.૧.૯૭ લાખનું ઓનલાઈન પેમેન્ટ નો મોબાઈલમાં સ્ક્રિન શોટ પાડી વેપારીને દેખાડી દાગીના લઈ ગયો. પરંતુ વેપારીએ બીજે દિવસે બેંકમાં જઈ તપાસ કરતા રૂપીયા જમા થયા ન હતા. આખરે વેપારીને છેતરપિંડીનો અહેસાસ થતા ઈન્ફોસીટી પોલીસ મથકે જયદિપસિંહ નામના વ્યકતિ સામે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર ભાઈજીપુરા પાટીયા પાસે સાર્થક હેવન સી-૩૦૪ ખાતે રહેતા રાજેન્દ્રકુમાર મોહનલાલ પટેલ કુડાસણ શિવાલયની બાજુમાં સોના-ચાંદીની દુકાન ભગવતી જ્વેલર્સના નામે ચલાવે છે. ત્યારે આજે સવારે રાજેન્દ્રભાઈ દુકાન પર હાજર હતા તે સમયે બાર વાગ્યાના અરસામાં એક સિલ્વર કલરની ગાડીમાં એક ભાઈ આવ્યા હતા. જેઓએ સાદા કપડા અને ચશ્મા પહેર્યા હતા અને પોલીસ અધિકારી તરીકે નોકરી કરતા અને પોતાનું નામ જયપાલસિંહ તેમજ મહેસાણાનો હોવાનું કહ્યું હતું. આ શખ્સે પોતાના ભાઈ માટે બે સોનાની ચેઈન અને ચાર સોનાની વીટી લેવાની વાત કરી હતી. જેથી વેપારીએ વિવિધ સોનાની ચેઈન તેમજ વીટીઓ દેખાડી હતી. તેમાંથી આ શખ્સે બે ચેઈન અને ચાર વીટીંઓ પસંદ કરી હતી, આ તમામ ચીજવસ્તુનું વજન ૩૮,૪૯૪ ગ્રામ તેમજ કુલ રૂ.૧.૯૭.૩૭૦ નુ બીલ બન્યું હતું. વેપારીએ બીલની નકલ જયપાલસિંહ નામના શખ્સને આપી હતી. ત્યારબાદ શખ્સે રૂપીયા સીધા તમારા ખાતામાં મોકલી આપુ તેમ કહેતા વેપારીએ બેંક એકાઉન્ટનો નંબર આપ્યો હતો. જેથી થોડીવારમાં શખ્સે પોતાના મોબાઈલમાં સ્ક્રિન શોર્ટ દેખાડી રૂપીયા તમારા ખાતામાં આવી ગયા છે તેમ કહેતા વેપારીએ દાગીના આપી દીધા હતા. જયારે વેપારીએ બીજા દિવસે બેંક એકાઉન્ટમાં તપાસ કરતા રૂપીયા આવ્યા ન હતા. ત્યારપછી પણ વેપારીએ અઠવાડીયા સુધી રાહ જોઈ અને મહેસાણા આસપાસના પોલીસ મથકમાં જયપાલસિંહ નામના વ્યકિતની શોધખોળ કરી હતી.પરંતુ આવી કોઈ વ્યકિત નહી મળી આવતા પોતે છેતરાયાનો અહેસાસ થતા વેપારીએ ઈન્ફોસીટી પોલીસ મથકે અજાણ્યા શખ્સ સામે ફરીયાદ નોંધાવી છે.

## જાહેર સુચના



અમો નિસસ એનર્જી પ્રા. લી. તરફથી જાહેર કરીએ છીએ કે, અમારા પૂર્વ કર્મચારી પલવ મહેશકુમાર સોઠા જામનગર રહેવાસીને તા. ૧/૧૧/૨૦૨૧થી કંપનીમાંથી બરતરફ કરેલ છે. ત્યારથી તેઓ કંપની સાથે તેમનો કોઈ વ્યવહાર નથી. આથી આ વ્યક્તિ સાથે કંપનીના નામે તથા વ્યક્તિગત રીતે કોઈપણ જાતની નાણાંકીય લેવડ-દેવડ કરવી નહી તથા જો કરી હશે અથવા કરશો તો તેની જવાબદારી અમો નિસસ એનર્જી પ્રા. લી.ની રહેશે નહીં.

**નિસસ એનર્જી પ્રા. લી.**
ગાંધીનગર